અપીલ અરજી નં.૧૫૯ તા.૨૬–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૦–૭–૦૯ ની અરજીથી સંબંધિત વિભાગમાં ૨–૩–૦૯ ના રોજ વિગતવાર પુરાવા સાથે કરવામાં આવેલ અરજી બાબતે સ્થળ પર તેમજ ખાતાકીય શું તપાસ કાર્યવાહી કરવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. જેની સંપુર્ણ માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૬–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૫૯/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૦–૭–૦૯ ની અરજીથી સંબંધિત વિભાગમાં ૨–૩–૦૯ ના રોજ વિગતવાર પુરાવા સાથે કરવામાં આવેલ અરજી બાબતે સ્થળ પર તેમજ ખાતાકીય શું તપાસ કાર્યવાહી કરવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. જેની સંપુર્ણ માહિતી આપવા બાબતે વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.વી.આઈ.ડી./૭૧૩ તા.૧૮–૮–૦૯ થી આપેલ માહિતી અધુરી હોવાનું તેમજ સંતોષકારક નહીં હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૯૬ તા.૪–૯–૦૯ થી વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને પૂરક વિગતો તા.૨૩–૯–૦૯ ના રોજ મળેલ છે.

અરજદારની તા.૨૦–૭–૦૯ ની અરજીથી તા.૨–૩–૦૯ ના રોજ સબંધિત વિભાગમાં પુરાવા સાથે કરવામાં આવેલી અરજી બાબતે સ્થળ પર તેમજ ખાતાકીય શું તપાસ કાર્યવાહી કરવામાં આવી અને હાલમાં શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તેની માહિતી માંગવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૨–૩–૦૯ ના રોજ વીજીલન્સ વિભાગમાં અરજી કરેલ છે. જેમાં તા.૨૭–૧૧–૦૭ ના રોજ કરેલી અરજીના પત્ર નં.વીઆઈડી/૧૬૩૯ ના જવાબ બાબતે રજૂઆત કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.વીઆઈડી/૭૧૩ તા.૧૮–૮–૦૯ થી અરજદારને " વોર્ડ નં.૪/૩૬૦ મિલ્કત અંગે આવેલ મોડીફાઈડ પ્લાન ની અરજી સક્ષમ સત્તામાં મંજુરી અર્થેની કાર્યવાહીમાં હાલ માં ચાલુ છે. જરી ઉદ્યોગને ભારત સરકારે ગૃહ ઉદ્યોગ તરીકે વર્ગીકૃત કરેલ હોઈ તે બંધ કરવાની કે શરૂ કરવાની પરવાનગી આપવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેતી નથી. વધુમાં નવા આર સી. સી. વાળા બિલ્ડીંગમાં હાલમાં જરીના કારખાના કાર્યાન્વિત નથી. તેમજ ગુમાસ્તા વિભાગ ધ્વારા ફકત નોંધણી કરવામાં આવે છે. પરવાનગી આપવામાં આવતી નથી. " તેવી માહિતી જાહેર માહિતી અધિકારીએ આપેલ છે. જેના અનુસંધાને અપીલના મુદ્દા નં.૧ ની માહિતી અધૂરી છે અને સંતોષકારક નથી તેમજ સાચી નથી તેવું જણાવી અરજદારે તા.૨૬–૮–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલના મુદ્દા નં.૨ ૪/૩૬૦ વાળી મિલ્કતની મોડીફાઈડ પ્લાન અરજી સક્ષમ સત્તાની મંજુર અર્થેની કાર્યવાહી ચાલુ છે તેવું જણાવેલ છે. તો પછી વીજીલન્સ વિભાગ તરફથી વીઆઈડી/૧૬૩૯ તા.૨૬–૨–૦૯ ના પત્રમાં પત્ર નં.૧૦૩ તા.૯–૧૦–૦૭ થી મોડીફાઈડ પ્લાન સેન્ટ્રલ ઝોનમાં રજૂ કરેલ છે. જે અંગે કોઈ પણ કરદાતા મકાન બાંધકામ થઈ ગયા બાદ કેટલા સમયમાં પ્લાન મોડીફાઈડ માટે રજૂ કરી શકે. ૨૦૦૭ માં પ્લાન મોડીફાઈડ કરવા રજૂ કરેલ પ્લાન કેટલા સમય મર્યાદામાં પ્લાન મોડીફાઈડ થઈ શકે. તેનો કોઈ ઉલ્લેખ સમય નકકી કરેલ નથી શા માટે મોડીફાઈડ શબ્દનો ઉપયોગ કરી ગેરમાર્ગે દોરવામાં આવે છે તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારે મુળ અરજીથી અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરી માહિતી માંગેલ છે. મુદ્દા નં .૩ બીપીએમસી એકટની ૨૬૮ મુજબની કાર્યવાહી કરવાની જવાબદારી આઈ ડી નં.૩૫૮ તા.૬–૭–૦૯ ના પત્રમાં જણાવેલ તો મિલ્કતમાં શા માટે કાર્યવાહી કરવામાં આવતી નથી. અરજદારે અહીંયા અલગ પત્રની અને અલગ પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. તેમજ કાર્યવાહીને લગતી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૪ મારી અરજીમાં મિલ્કત વેચાણ અંગેની તમામ વિગત અરજીમાં કરવામાં આવેલ છતાં આ બાબતે કોઈ માહિતી ન આપવામાં આવી તેમજ સુરત મહાનગરપાલિકા તરફથી કોઈ જ કાર્યવાહી ન કરવામાં આવી શા માટે? અરજદારે તે પણ અલાયદી અરજીનો અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. કાર્યવાહીને લગતી રજૂઆત કરવામાં આવેલ છે. મુદ્દા નં.૫ નવું બાંધકામ થયેલા ભાગમાં બીયુસી (વસવાટ) ની પરવાનગી લ ેવામાં આવેલ નથી તો પછી ગુમાસ્તા લાયસન્સ સી.ઝેડ/સી/૪ ૧૨૪૨૮ તા.૫–૧૦–૨૦૦૧ થી ૩૧–૧૨–૨૦૦૭ નું લાયસન્સ શા માટે કેન્સલ ન કરવું તે પણ મુળ અરજીથી અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. તેમજ કાર્યવાહીને લગતી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૬ ૪/૩૬૦ વાળી મિલ્કતમાં રહેઠાણનો પ્લાન રજૂ કરેલ છે. અને કારખાનાનો ઉપયોગ ચાલુ કરેલ છે. જો તે નિયમ વિરુધ્ધ હોય તો ગુમાસ્તાની ખોટી નોંધણી કરવામાં આવેલ છે શા માટે કેન્સલ ન કરી તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૭ કોઈ પણ નાગરીક મ.ન.પા ના વિસ્તારમાં કારખાના ચાલુ કરે તો બીપીએમસી એકટ ૩૧૩ મુજબ ફરજિયાત કારખાના ચલાવવાની પરવાનગી લેવાની હોય છે જે આવેલ નથી તો વીજીલન્સ વિભાગ તરફથી કોઈ કાર્યવાહી કરવામા ન આવી અને માહિતી પણ ન આપી તે અંગે અરજદારે મુળ અરજીથી અલગ પ્રશ્ન તથા કાર્યવાહીને લગતી રજૂઆત કરેલ છે. મુદ્દા નં..૮ માં અરજદારે મુળ અરજીના સંદર્ભે તા.૨–૩–૦૯ ના રોજ કરેલ અરજી મુજબ વીજીલન્સ વિભાગ

તરફથી શહેર વિકાસ, આરોગ્ય અને ફાયર વિભાગમાં વીજીલન્સે શું તપાસ કરી અને કાર્યવાહી કરી તેની કોઈ માહિતી મળેલ નથી શા માટે? જે અંગે અરજદારને નં.વીઆઈડી/૭૧૩ તા.૧૮–૮–૦૯ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૯ ૪/૩૬૦ વાળી મિલ્કતના માલિકે ફકત ગુમાસ્તાની નોંધણી કરાવેલ તેના અનુસંધાનમાં કારખાના ચાલુ કરી શકતા નથી તેમ છતાં કારખાના ચાલે છે તે વીજીલન્સ વિભાગને તપાસ કરતાં માલુમ પડેલ. તેમ છતાં કાર્યવાહી ન કરી શા માટે જે અંગે પણ અરજદારે કાર્યવાહીને લગતી રજૂઆત કરેલ છે. આમ અરજદારે મુળ અરજીથી કરેલી અલાયદા પ્રશ્નો તેમજ કાર્યવાહીને લગતી રજૂઆત કરેલ છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને સમયમર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે જેથી અપીલમાં માહિતી અંગે કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી ઉપસ્થિત કરેલ અલાયદા પ્રશ્નો અંગે લાગત જાહેર માહિતી અધિકારીને આરટીઆઈ એકટની જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરવા તથા કાર્યવાહીને લગતી માહિતી અંગે સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ –૦૯

ડાયરેકટર ઓફ પ્લાનીંગ
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

***પ્રતિ,***
(૧) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંતભાઈ એન. દેસાઈ